"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૯-૨૦૨૦/૧૯ તા.૧૭-૦૭-૨૦૧૯

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,
**માન.શ્રીમતી સોનલબેન મિશ્રા**
**વાહનવ્યવહાર કમિશ્નરશ્રી (ઈન્ચાર્જ),**
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય : આર.ટી.ઓ.માં રોજબરોજના જુદા જુદા વિષયો ઉપર કામકાજ અંગેની રજુઆતો</u>**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે આ સાથે સમયાંતરે સરકારમાં રજુ કરેલા આર.ટી.ઓ.ને લગતા નીચે મુજબના મુદ્દાઓ આપને ધ્યાને લાવીએ છીએ.

**<u>૧. લાયસન્સ :-</u>**

<u>એ.</u> <u>રીન્યુઅલ / ડુપ્લીકેટ લાયસન્સ અર્થે :</u> પહેલી વખતે પાકું લાયસન્સ આપતી વખતે અરજદારની બધી વિગતો કચેરીમાં હોય છે. જેને આધારે તેની વ્યવસ્થા ઓનલાઈન થવી જોઈએ.

<u>બી.</u> <u>નાનાથી મોટા વાહનના લાયસન્સ માટે :</u> ટુ વ્હીલરના પાકા લાયસન્સ ધારકને ફોર વ્હીલરના લર્નીંગ લાયસન્સ માટે ઓનલાઈન વ્યવસ્થા થવી જોઈએ.

<u>સી.</u> <u>સરનામાના ફેરબદલ માટે :</u> લાયસન્સ ધારકને સરનામાના ફેરબદલ માટે પુરાવા ઓ જેમકે આધાર કાર્ડ વગેરે ઓનલાઈન લઈ તેની વ્યવસ્થા કરી શકાય જેથી આર.ટી.ઓ.માં રૂબરૂ આવવાની જરૂર રહે નહી.

<u>ડી.</u> <u>ટ્રેક ઈન્પ્રુવમેન્ટ :</u> ચાર પૈડા વાળા વાહનના લાયસન્સ મેળવવા ટેસ્ટમાં ૯૦ સેકન્ડના બોક્ષ પાર્કીંગમાં લગભગ મોટાભાગના અરજદારો નાપાસ થાય છે અને તેમને ફરીવાર તે અર્થે આર.ટી.ઓ.માં જવું પડે છે. જે યોગ્ય સુધારા દ્વારા નીવારી શકાય.

<u>ઈ.</u> <u>લાયસન્સ કાર્ડમાં ચીપની ઉપયોગીતા :</u> નવા સ્માર્ટ કાર્ડમાં ચીપ આવે છે તેની કોઈ હાલમાં ઉપયોગીતા નથી અને ઘણા લાયસન્સના વારંવાર ઉપયોગથી ચીપ પણ નીકળી જાય છે. જે ઉપરાંત આવા પ્લાસ્ટીક કાર્ડની ઉપલબ્ધતાના કારણોએ તેને ઈશ્યુ કરવામાં મોડું થાય છે.

**<u>૨. નોન કોમર્શીયલ વાહનો અંગે :</u>**

<u>એ.</u> <u>ઈ ફોર્મ :</u> નવી ગાડીના રજીસ્ટ્રેશન વખતે સીઆરટીએમ, ટેક્ષ વગેરેની બધી વ્યવસ્થા ઓનલાઈન હોવા છતા ઈ ફોર્મમાં સહી લેવા આર.ટી.ઓ.માં રૂબરૂ પેપર્સ લઈ જવું પડે છે. જે નિવારી શકાય એમ છે.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



**બી.** <u>સીઆરટીએમ કેન્સલ કરવાની વ્યવસ્થા :</u> કોઈપણ કારણોસર જેવા કે કલર ફેર, મોડલ ફેર કે નામ ફેર કે ખરીદીની મોકુફી સંજોગોમાં સીઆરટીએમ કેનસલેશન કે વિગતોની તબદીલીની વ્યવસ્થા હોવી જોઈએ.

**સી.** <u>પસંદગીના નંબરની અરજી બાબત :</u> આ અંગે બધી આર.ટી.ઓ.માં એક સરખી વ્યવસ્થા હોવી જોઈએ. દા.ત. આજે અમદાવાદ આર.ટી.ઓ. અને ગાંધીનગર આર.ટી.ઓ.માં અલગ વ્યવસ્થા છે.

**ડી.** <u>એચપી કેન્સલેશન :</u> આ અર્થે વ્યવસ્થા ઓનલાઈન થવી જોઈએ, કારણ કે બધી વિગતો ઓનલાઈન હોય અને ફાયનાન્સરના સર્ટીફીકેટને જો ઓનલાઈન અપલોડ કરવામાં આવે તો કેન્સલેશનની કાર્યવાહી રૂબરૂ ગયા વગર થઈ શકે.

**૩. <u>કોમર્શીયલ વાહનો અંગે :</u>**

**એ.** <u>નેશનલ પરમીટ :</u> અરજદારોને નેશનલ પરમીટ અંગે ઓનલાઈન ફી ભરી શકાય છે, પણ પરમીટ લેવા રૂબરૂમાં આર.ટી.ઓ.માં જવું પડે છે. વધુમાં દરેક પ્રકારની ગાડીની નેશનલ પરમીટ ફી એક જ છે અને આમા કોઈ વાહન કે કાગળના એસેસમેન્ટની જરૂર નથી. તો આર.ટી.ઓ.માં જવાની જરૂરત રહેતી નથી.

**બી.** <u>ગુજરાત રાજયની ગુડઝ વાહનો માટેની સ્ટેટ પરમીટ :</u> આ પરમીટ દર ૫ (પાંચ) વર્ષે રૂબરૂ રીન્યુ કરવા આર.ટી.ઓમાં જવુ પડે છે તે ઓનલાઈન થઈ શકે.

**સી.** <u>વાહન રજીસ્ટ્રેશન અંગે :</u> કંપની દ્વારા ફુલ્લી બીલ્ટઅપ નવી ગાડી અંગે આવા કોમર્શીયલ વાહનો માટે પણ ખાનગી વાહનની જેમ ડીલર દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશનની વ્યવસ્થા થઈ શકે.

ખાનગી બોડી બીલ્ડર પાસે જે નવા કોમર્શીયલ વાહનોમાં ચેસીસ ઉપર બોડી બનાવવામાં આવે છે તો જે બોડી બીલ્ડર હોય તો કાયદા પ્રમાણેની માપ વાળી ડિઝાઈન એપ્રુવ કર્યા બાદ તેઓના સર્ટીફીકેટના આધારે ગાડી આર.ટી.ઓ.માં લાવ્યા વગર પાસ કરાવી શકાય.

**ડી.** <u>વાહન ટ્રાન્સફર અંગે :</u> આ સંદર્ભે પણ નો ડયુ કે એનઓસીની જરૂરીયાત નથી તો ટ્રાન્સફરની વ્યવસ્થા પણ ઓનલાઈન થઈ શકે.

**ઈ.** <u>ફીટનેશ :</u> હમણા આર.ટી.ઓ. દ્વારા બે વર્ષનું ફીટનેશ સર્ટીફીકેટ આપવાની વ્યવસ્થા થઈ છે અને તેમાં હજુ પણ બીજી કોઈ વ્યવસ્થાથી વાહનને આર.ટી.ઓ.માં લાવવાની જરૂરીયાત નીવારી શકાય.

"Driving Salamat To Jivan Salamat"

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



**આ ઉપરાંત નીચેના મુદ્દાઓ ઉપર આપનું ધ્યાન દોરીએ છીએ.**

૧. ડ્રાયવીંગ લાયસન્સને એડ્રેસ પ્રુફ તરીકેની માન્યતા તેમજ એક જ માલીકની આગલી ગાડીની રજીસ્ટ્રેશન બુકને નવી ગાડીના રજીસ્ટ્રેશન અંગે એડ્રેસ પ્રુફ માટે માન્યતા આપવી.

૨. મોટા શહેરોમાં કે ડિસ્ટ્રીક્ટમાં ટ્રાફિક સમસ્યાના હિસાબે શહેર બહારની આર.ટી.ઓ. કચેરીમાં કાયમી ધોરણે દરેક પ્રકારના કામની વ્યવસ્થા થવી જોઈએ.

૩. દરેક પ્રકારના વાહનને લગતા આર.ટી.ઓ. ડોકયુમેન્ટ ડુપ્લીકેટ કઢાવવા માટે પોલીસ એફઆઈઆરની જે જરૂરીયાત છે તે અંગે ફેર વિચારણા કરી માલીકના એફીડેવીટ કે સોગંદનામા ઉપર વ્યવસ્થા કરી શકાય.

૪. જયારે કોઈપણ ગાડી ઉપર આર.ટી.ઓ. કચેરીમાં ડીએ કેસ કરવામાં આવે તો તે અંગે ગાડી માલીકને જાણ થવી જોઈએ જેથી તેનું નિવારણ તાત્કાલીક કરી શકે.

૫. કોઈપણ પ્રકારના વાહનો ઉપર ડીએ કેસ હોય તો તેની માંડવાળ ફી સાથે ઓનલાઈન એન્ટ્રી થાય અને તે અંગે ઓનલાઈન ભરવાની વ્યવસ્થા પણ થાય તો તે ગાડી બ્લેક લીસ્ટમાંથી નીકાળી શકાય.

૬. અગાઉ કરેલ રજુઆત મુજબ જુના બાકી મોટર વ્હીકલ ટેક્ષ અને ડીએ કેસ અંગે કોઈ એમનેસ્ટી સ્કીમ અંગે વિચાર કરવો જોઈએ જેથી જુની રીકવરી પુરી થાય તેમજ ગાડીઓ પણ બ્લેક લીસ્ટમાંથી નીકળી જાય. આપની જાણ ખાતર રાજય સરકાર જુના વેટના પેન્ડિંગ કેસો અંગે એમનેસ્ટી સ્કીમ માટે વિચારે છે.

૭. કોમર્શીયલ વાહનોની આર.સી.બુક તાત્કાલીક ધોરણે આપવાની વ્યવસ્થા કરવી જરૂરી છે કારણ કે ઓઈલ ડેપો, જીએસએફસી વગેરે જેવી મોટી કંપનીઓમાં સ્માર્ટ કાર્ડ/આર.સી.બુક વગર દાખલ થવા દેવામાં આવતા નથી.

ઉપરોકત બાબતોની વધુ ચર્ચા અંગે આપશ્રીને અનુકુળ સમય આપવા વિનંતી.

આભાર સહ,

આપના વિશ્વાસુ

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)